





# પાલનપુરમાં જુના ગંજ બજારમાં પાંચ દુકાનોમાં ચોરી

ડીસા માં તસ્કરોએ ત્રણ જેટલી દુકાનો ના તાળા તોડી તરખાટ મચાવ્યા બાદ હવે જીલ્લા મથક પાલનપુર માં તસ્કર ટોળકી સક્રિય બની છે પાલનપુર શહેરના જુના ગંજ બજારમાં આવેલ પાંચ જેટલી દુકાનોમાં ચોરી થઈ છે. રાત્રી ના ૩ વાગ્યાની આસપાસ ચાર જેટલા શખ્સો પોતાનું વાહન લઈને જુનાગંજ બજારમાં ઘુસ્યા બાદ કરીયાણાની બે દુકાન તેમજ મોબાઈલ,ખાદી ઉધોગ કેન્દ્રની દુકાનને નિશાન બનાવી હતી. પ્રોફેસનલ જેવા લગતા ચાર તસ્કરો સી.સી.કેમરા માં ચોરી કરતા કેદ થઈ ગયા હતા જો કે રોકડ રકમ સહીત લોખોમાં માલસમાનની ચોરી થઈ હોવાનું મનાઈ રહ્યું છે. આ ઘટના જાણ થતા એલસીબી પોલીસ, પૂર્વ પોલીસ સહિત ડીવાયએસપીએ સ્થળ પર પોહચી તપાસ હાથ ધરી હતી. મહત્વની વાત એ છે જુનાગંજ બજાર અનેક વેપારી પેઢી આવેલ હોવા છતાં રાત્રી ચોકીદાર પણ નથી સ્થાનિક વેપારી ગીરીશભાઈ જગાણીયાએ જણાવ્યું હતું જે રીતે ડીસાના દુકાનના તાળા તૂટ્યા તેજ રીતે પાલનપુરના જુનાગંજ બજારની દુકાનમાં તાળા તૂટયા છે જેથી ડીસાની તસ્કર ટોળકી હોય શકે તેવું અનુમાન વ્યક્ત કર્યો હતો.

## સાબરકાંઠાના ૨૫ ગામો સંપૂર્ણ શૌચાલય યુક્ત બન્યા

હિંમતનગર, તા. ૧૦

રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાઓનો વ્યાપ વધારવા તેમજ શહેરી વિસ્તારમાં અદ્યતન સુવિધાઓ વિકસાવવાના અસરકારક ઝુંબેશના ભાગરૂપે આરંભાયેલા ગતિશીલ ગુજરાત કાર્યક્રમ સાબરકાંઠાના અધિકારીઓની સમીક્ષા બેઠક કલેક્ટર કચેરી ખાતે મંગળવારે નિવાસી અધિક કલેક્ટર એસ.ડી. ધાનાણીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં જણાવાયું હતું કે જિલ્લાના ૨૫ ગામો સંપૂર્ણ શૌચાલય યુક્ત બન્યા છે તેમજ વિવિધ મુદ્દાઓની છણાવટ કરી અધિકારીઓને નિયત સમયમાં લક્ષ્યાંકો પૂર્ણ કરવા અનુરોધ કરાયો હતો. ઉપરાંત શૌચાલય નિર્માણ અંગે જણાવ્યું હતું કે જિલ્લામાં અત્યારે ૨૫ ગામો સંપૂર્ણ શૌચાલય યુક્ત બન્યા છે. ઉપરાંત જિલ્લામાં ૩૧૧ સેલ્ફ હેલ્પ ગૃપ, જયારે ૨૫૨ સખીમંડળોને રિવોલ્વીંગ ફંડની સહાય કરવામાં આવી છે. ઉપરાંત જિલ્લાના ૩૪૩ કેન્દ્રો પર ડાયાબીટીસ નિદાન કેન્દ્ર ઉભા કરાયા છે. જયારે ૧૪૭ લાભાર્થીઓને વાત્સલ્ય કાર્ડ તથા ૬૦૦ વિકલાંગોને પ્રમાણપત્ર એનાયત કરાયા છે.

# બનાસ ડેરીની ચૂંટણીમાં કાંકરેજ વિભાગની નવી મતદારયાદી હાઈકોર્ટે માન્ય રાખી

**જૂની મતદારયાદી હાઇકોર્ટે ફગાવી દેતા અણદાભાઇ પટેલનો વિજય નિશ્ચિત**
**બનાસ ડેરીની ચૂંટણી અગાઉ જ પરથીભાઇ ભટોળને હાઇકોર્ટનો વધુ એક ઝટકો**

પાલનપુર, તા. ૧૦

બનાસ ડેરીના સંચાલક મંડળની પ્રતિષ્ઠાભરી ચૂંટણી આડે હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે બનાસ ડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળને હાઈકોર્ટ દ્વારા વધુ એક ઝટકો આપવામાં આવ્યો છે. બનાસ ડેરીના કાંકરેજ મત વિભાગમાં જૂની મતદારયાદી માન્ય રાખવા પરથીભાઈ ભટોળ ગૃપ દ્વારા કરાયેલી પીટીશન હાઈકોર્ટે ફગાવી દઈ નવી મતદારયાદી મુજબ જ કાંકેરજ મતદાર વિભાગની ચૂંટણી યોજવાનો આદેશ કરતાં કાંકરેજ બેઠક પરથી હવે અણદાભાઈ પટેલનો વિજય નિશ્ચિત થતાં પરથીભાઈની છાવણીમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. જયારે શંકરભાઈ ચૌધરીના સમર્થકોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે.

બનાસકાંઠા જીલ્લાની જીવાદોરી સમાન બનાસ ડેરીમાં છેલ્લા ૨૫ વર્ષથી એક હથ્થુ શાસન ચલાવતા બનાસ ડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા બનાસ ડેરીમાં સત્તા ટકાવી રાખવા યેનકેન પ્રકારના પેતરા અજમાવવામાં આવી રહ્યા છે. જેમાં બનાસ ડેરીની મંડળીઓના હોદ્દેદારોને યેનકેન પ્રકારે પ્રલોભન આપી કે ધાક ધમકી આપી પોતાના તરફી મતદાન કરે તેવા ઠરાવો કરી મતદારયાદીઓ તૈયાર કરાવવામાં આવી હતી તેમજ નવા સિમાંકન મુજબ ચૂંટણી યોજાય તે માટે ચોકઠુ ગોઠવ્યું હતું. જેમાં બનાસ ડેરીના મોટા મત વિભાગોમાં ગણાતા કાંકરેજ મત વિભાગમાં તૈયાર કરાયેલી નવી મતદારયાદી સામે પરથીભાઈ ગૃપે હાઈકોર્ટમાં પીટીશન કરી હતી.

### કાંકરેજમાં અણદાભાઈ પટેલનો વિજય નિશ્ચિત

બનાસ ડેરીની ચૂંટણીમાં કાંકરેજ મત વિભાગમાં નવી મતદારયાદી મુજબ મોટાભાગના ઠરાવો સહકારી અગ્રણી અને રાજય મંત્રી શંકરભાઈ ચૌધરીની પેનલના અણદાભાઈ પટેલ તરફી થયા હતા. જેથી પરથીભાઈ ગૃપ દ્વારા પહેલેથી જ પરાજય થતો જોઈ હાઈકોર્ટમાં જૂની મતદારયાદી માન્ય રાખવા પીટીશન કરી હતી. જે હાઈકોર્ટે ફગાવી દેતા અણદાભાઈ પટેલનો વિજય નિશ્ચિત ગણાય છે.

બનાસ ડેરીના કાંકરેજ મત વિભાગમાં કુલ ૧૦૭ મતદારો છે. જેમાંથી ૧૩ દૂધ મંડળીઓના ઠરાવો બદલવામાં આવ્યા હતા અને ફાઈનલ યાદીમાં નવિન ઠરાવો સામેલ કરાયા હતા. જેની સામે બનાસ ડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળના ગૃપે વાંધો લઈ અને જૂની મતદારયાદી માન્ય રાખવા જણાવ્યું હતું. જે બાબતે હાઈકોર્ટમાં સુનાવણી થતાં હાઈકોર્ટે નવી ફાઈનલ યાદી માન્ય રાખવાનો ચૂકાદો આપ્યો હતો. જયારે પરથીભાઈ ગૃપ દ્વારા કરાયેલી પીટીશન ફગાવી દેવામાં આવી હતી. જેથી પરથીભાઈના ગૃપમાં સન્નાટો જયારે શંકરભાઈ ચૌધરીની છાવણીમાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી છે.



પાટણના સરસ્વતી તાલુકાના ઉંદરા ગામે તાલુકા પંચાયતની ઉંદરા અને સાં.પ્રા. સીટના ભાજપના ઉમેદવારો ચંદનજી ઠાકોર અને સદાજી ઠાકોર દ્વારા પોતાની જીત માટે સ્નેહમિલન યોજી તમામ મતદારોનો આભાર વ્યકત કર્યો હતો. સરસ્વતી તાલુકા પંચાયતમાં ભાજપે કુલ છ બેઠકો જીતી હતી જયારે કોંગ્રેસે ૧૮ બેઠકો પર વિજય મેળવ્યો હતો.

## ફિટનેસ એન્ડ સ્પોર્ટસ કન્વેન્શન અમદાવાદમાં ૧૧ થી ૧૩ વચ્ચે યોજાશે

સ્પોર્ટસ પ્રેમીઓ, ફિટનેસ પ્રત્યે સજાગ લોકો અને હેલ્થકેર વ્યાવસાયિકો સતત ત્રણ દિવસના રોમાંચ આપનારા વિકએન્ડ માટે નજર દોડાવી શકે છે - એટીપી ઈન્ટરનેશનલ ફિટનેસ એન્ડ સ્પોર્ટસ કન્વેન્શન, ૨૦૧૫ આવી રહ્યું છે. ભારતમાં પ્રથમ વખત યોજાતું આ કન્વેન્શન તબાતા, ટર્બલન્સ, બૂટકેમ્પ, બોસુ, બેરફૂડ ટ્રેનિંગ, ફિટનેસ એફએક્સ દ્વારા ટીઉ વર્કઆઉટ, સ્ટ્રોંગફર્સ્ટ, કેટલબેલ વર્કઆઉટ્સ, ન્યૂટ્રિશન, સ્પોર્ટસ કન્ડિશનિંગ અને પિલોકિંસગ, બોક્વા, મસાલા ભાંગડા અને ઝુમ્બા જેવી વિવિધ અન્ય ગ્રુપ કસરત ફોર્મેટ પર સમગ્ર દુનિયાના ક્રિએટર્સ અને માસ્ટર ટ્રેનર્સ દ્વારા સેશન્સ પર સત્રો યોજવાની ખાતરી આપે છે.

## સોગંદનામું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સમર્પિત કાર્યકર તરીકે રહી અને પ્રજાના પ્રશ્નોને વાચા આપવાની સાથે સાથે તેના ઉકેલ માટે પ્રયત્નશીલ રહેવાની વાત નેતાઓએ કરી હતી.

આજની બેઠકમાં કોઈપણ લાભ-લાલચમાં તેઓ આવશે નહિ અને પક્ષાંતર કરશે નહિ તેવું સોગંદનામુ પણ લેવામાં આવ્યું હોવાનું પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં જિલ્લા પંચાયત ઉપરાંત ત્રણ તાલુકા પંચાયતમાં કોંગ્રેસે કબ્જો જમાવ્યો છે. તો કલોલ અને દહેગામ નગરપાલિકામાં વિપક્ષ તરીકે કોંગ્રેસ બેસશે. આજની આ બેઠકને લઈ માત્ર ગેટ ટુ ગેધર એવુ નામ આપવામાં આવ્યુ હતુ તેમજ પરિચય બેઠક તરીકે પણ તેને ઓળખાવવામાં આવી છે.

જિલ્લા પંચાયતના પ્રમુખની પસંદગી માટે ૨૨મીએ પ્રથમ સભા મળશે જ્યારે નગરપાલિકા માટે ૧૫ ડિસેમ્બરે પ્રથમ સભા મળવાની છે.

જિલ્લામાં પંચાયોતના હોદ્દાઓ માટે દાવેદારીની દોડધામ વચ્ચે આજે બેઠક બોલાવી લેવામાં આવી હતી. હવે પુનઃ નગરપાલિકા માટે ૧૩મીએ અને પંચાયત માટે ૨૦ કે ૨૧ના રોજ બેઠક મળશે તેમ જાણવા મળેલ છે.

તાલુકા પંચાયતના પ્રમુખોની નિયુક્તી માટેની તારીખ એકાદ-બે દિવસમાં નિર્ણય નિયત થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

## ખિસ્સા કાતરું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સલામતી પણ જોખમાઈ છે. વારંવાર મુસાફરો બસમાં બેસતી વખતે તસ્કરી વૃતિનો ભોગ બને છે. શહેરના ડેપોમાં પાયાની સુવિધાઓ અપગ્રેડ કરવા તેમજ અલગ ડેપો ફાળવી મુસાફરલક્ષી સવલતો વધારવા ઉપરાંત ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે શહેર વસાહત મહામંડળ દ્વારા એસ ટી નિગમને પત્ર લખી રજુઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને આઠ મહીનાના લાંબા સમયગાળા બાદ એસ ટી નિગમે પત્રનો પ્રતિઉત્તર આપતા ગાંધીનગર ડેપોમાં સબ સલામત હોવાનો દાવો કર્યો છે. એસ ટી નિગમના આ પ્રતિસાદથી મહામંડળે પણ રોષની લાગણી વ્યકત કરી છે. એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીને ધ્યાને લઈ અનેકવાર પોલીસચોકી શરૂ કરવા માટે રજુઆત કરવામાં આવી છે. પરંતુ નિગમ દ્વારા જગ્યા ફાળવવા માટે અનેકવાર રાઉન્ડ લીધા બાદ પણ નિર્ણય લેવાયો નથી.

## હિટ એન્ડ રન કેસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ફગાવી દેવામાં આવે છે. સલમાનને તમામ આરોપોમાંથી મુક્તિ આપવામાં આવે છે. અભિનેતાની સાથે સલમાન ખાનના બોડીગાર્ડ શેરા, તેની બહેન અલવીરા અને અન્યો પણ હતા. કોર્ટે કહ્યું હતુ કે, સલમાનને આરોપોમાં સાબિત કરવામાં હરીફ પક્ષને સફળતા મળી નથી. ન્યાયમૂર્તિ જોશી સોમવારથી પોતાનો ચુકાદો લખાવી રહ્યા હતા. ન્યાયાધીશે કહ્યું હતું કે, આરોપી પર અપરાધ સાબિત કરવાની જવાબદારી પ્રોસીક્યુશનની હોય છે. મહત્વપૂર્ણ સાક્ષીઓના નિવેદન આમા લેવામાં આવ્યા હતા. કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે, કેટલાક મુદ્દાના આધાર પર સલમાનને દોષિત ઠેરવી શકાય નહીં. ન્યાયાધીશે કબૂલાત કરી હતી કે, તપાસમાં અનેક પ્રકારની ખામીઓ રહી હતી જેના આધાર પર શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ. ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે, ન્યાયાલયનું કામ તેની સમક્ષ રજૂ કરવામાં આવેલા પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય છે. ન્યાયાધીશે એમ પણ કહ્યું હતું કે, સલમાન પર આક્ષેપો પુરવાર થાય તેવું ચિત્ર દેખાઈ રહ્યું નથી.

## બુલેટ ટ્રેન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે જાપાન સુરક્ષાના મામલે ચીન કરતા વધારે સારા ટ્રેક રેકોર્ડ ધરાવે છે. સાથે સાથે તેની ટેકનોલોજીને લઈને ક્યારેય પ્રશ્ન રહ્યા નથી. જાપાનની શિનકાનસેન સિસ્ટમના ટ્રેક રેકોર્ડ ખુબ સારા છે. ચીન દ્વારા પણ ભારતની પ્રથમ બુલેટ ટ્રેનને દોડાવવા માટે ભારે ઉત્સુકતા દર્શાવી હતી. સાથે સાથે ફંડિગ મામલે મદદ કરવાની ખાતરી પણ આપી હતી. જાપાન અન્ય પ્રોજેક્ટમાં પણ નાણાં રોકવા માટે તૈયાર છે. આગામી વર્ષોમાં ૭૦-૮૦ટકા સાધનો ભારતમાં પણ બનાવવા માટેની પણ યોજના છે. જાપાન સરકારે ટેકનિકલ સપોર્ટની પણ ઓફર કરી છે. સ્થાનિક મેન્યુફેકચરિંગ અને ટેકનોલોજી ટ્રાન્સફરની દિશામાં પણ જાપાન ઉત્સુક છે. જાપાન જંગી લોન પણ આપનાર છે. કુલ પ્રોજેક્ટ ખર્ચ પૈકી ૧૭૦૦૦-૧૮૦૦૦ કરોડ રૂપિયા જમીનનો ખર્ચ પણ છે. મહત્વપકાંક્ષી પ્રોજેક્ટ પર આગળ વધવા માટે સરકાર હાઈ સ્પીડ ટ્રેન કોરિડોર માટે ખાસ કાયદા પર વિચારી રહી છે. બુલેટ ટ્રેન માટે જાપાને પહેલાથી જ સોફ્ટ લોનની ઓફર કરી દીધી છે. બુલેટ ટ્રેન એક વખતે શરૂ થયા બાદ અમદાવાદ-મુંબઈ વચ્ચેના અંતરને હાલમાં સાતથી આઠ કલાકના બદલે બે કલાકમાં જ પૂર્ણ કરી શકાશે. અમદાવાદ-મુંબઈ વચ્ચે હાઈસ્પીડ બુલેટ ટ્રેનનુ સ્વપ્ન પૂર્ણ કરવાની દિશામાં ભારતીય વડાપ્રધાન મોદી આગળ વધી રહ્યા છે.

## ગોડાઉન પકડાયું

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કરીને વોન્ટેડ ઉવારસદના બુટલેગર સુરેશ લાખા હિરા ઠાકોરની શોધખોળ શરૂ કરી છે. સુરેશ પકડાયા બાદ દારૂ કયારે અને કોના મારફતે ભરાવ્યો હતો તે સહિતની વિગતો બહાર આવશે. ડીએસપી વિરેન્દ્રસિંહ યાદવે અડાલજ પોલીસની આખી ટીમને પ્રશંસનીય કામગીરી બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

# મોડાસા શહેરમાં ચોર ગેંગનો ત્રાસ પોલીસતંત્ર માટે શરમજનક ઘટના

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લા પોલીસતંત્રની નબળી કામગીરીથી જિલ્લાના પ્રજાજનોમાં ભારે આક્રોશ ફેલાયો છે. જિલ્લાના વડામથક મોડાસા શહેરમાં ચોરો, તસ્કરો અને પાકીટમારો, ચેઈનસ્નેચરો અને ઘરફોડીયા બિંદાસ્ત લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. અને પોલીસતંત્ર હાથ પર હાથ મુકીને બેસી રહ્યું હોય તેમ આવા અસામાજિક તત્વોને પકડી ન શકતા શહેરમાં લૂંટની ઘટનાઓમાં એકાએક વધારો થયો છે. નકલી પોલીસ, ઘરફોડ ચોર અને હવે કારના કાચ તોડી રૂપિયા તફડાવનારી ગેંગ સક્રિય બનતા શહેરીજનોમાં ભય ફેલાયો છે. ગુરૂવારે જિલ્લા કલેક્ટર કચેરી આગળ પાર્કિંગમાં રહેલી કારનો કાચ તોડી તલાટીની સરારી દસ્તાવેજો ભરેલી બેગ લઈને ગઠિયો રફુચક્કર થઈ જતાં તલાટી હાંફળા ફાંફળા બની મોડાસા ટાઉન પોલીસને જાણવાજોગ ફરિયાદ નોંધાવી હતી. બેગમાં દસ્તાવેજો સિવાય રોકડ રકમ ન હોવાથી ગઠિયાને ફેરો માથે પડ્યો હોય તેવો ઘાટ સર્જાયો હતો.



મોડાસા શહેરમાં સીસીટીવી કેમેરા બંધ હોવાથી અને પોલીસતંત્રની નબળી કામગીરીની ફાયદો ચોર-લુંટારૂ ગેંગ ઉઠાવી રહ્યાનું મોડાસા શહેરમાં લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. મોડાસા તાલુકાના બાયલ-ઢાંખરોલ ગામથી ઓળખાતા અને ઢાંખરોલ ગ્રામ પંચાયતમાં તલાટીકમ મંત્રી તરીકે ફરજ બજાવતા રામકૃષ્ણ અરવિંદભાઈ પટેલ ગુરૂવારે સરકારી કામકાજ અર્થે મોડાસા બસસ્ટેન્ડ પાછળ આવેલી અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીના સંકુલમાં રહેલી મામલતદાર કચેરીમાં કલેક્ટર કચેરી આગળ તેમની આઈટેન કાર (ગાડ નં. જીજે૦૯બીસી૮૭૪૫) પાર્ક કરીને મતદાર યાદી લેવા ગયા હતા અને મતદારયાદી લઈને પરત ફરી પાર્કિંગમાં રહેલી કાર જોતા કારનો કાચ તુટેલો જણાયો હતો અને કારમાં રહેલી બે બેગ લઈ ચોર ફરાર થઈ જતા બેબાકળા બની ગયા હતા અને તેમના થેલામાં રહેલા ગામના સોગંદનામા, પંચાયતના સીક્કા, અંગત જમીન વેચાણ દસ્તાવેજ, પંચાયતનું બજેટ, ગામના ફળવાયેલ પ્લોટના દસ્તાવેજ તેમજ તેમના એચડીએફસી બેંકના સેવિંગ એકાઉન્ટની ચેકબુક અને પાસબુક સહિત અન્ય જરૂરી દસ્તાવેજો ચોરાતા તેઓ બેબાકળા બની ગયા હતા. જે અંગે બાયલ ગામના તલાટીએ મોડાસા ટાઉન પોલીસમાં જાણવાજોગ ફરિયાદ અને દસ્તાવેજોનો ગેરકાયદેસર ઉપયોગ અટકાવવા સોગંધનામુ રજૂ કરતા મોડાસા ટાઉન પોલીસે કાર તોડી થેલો લઈ રફુચક્કર થનાર ગઠિયાને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# હાર્દિક મુશ્કેલીમાં : જામીન અરજીને કોર્ટે ફગાવી દીધી

**સૂરતની જિલ્લા અને સેશન કોર્ટે જામીન અરજીને ફગાવી હાર્દિક સામે બે દેશદ્રોહની ફરિયાદ દાખલ કરાઈ**

સુરત,તા. ૧૦

પાટીદાર સમુદાય માટે અનામતની માંગણી કરીને સમગ્ર ગુજરાતમાં ભારે હોબાળો મચાવનાર આંદોલન લીડર હાર્દિક પટેલની જામીન અરજી આજે ફગાવી દેવામાં આવી હતી. દેશદ્રોહના કેસમાં હાર્દિક પટેલને કોઈ રાહત મળી ન હતી. તેની જામીન અરજીને ફગાવી દેવામાં આવી હતી. સુરતમાં ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન કોર્ટ દ્વારા હાર્દિક પટેલની જામીન અરજીને ફગાવી દેવામાં આવી હતી. આત્મહત્યા કરવાના બદલે કેટલાક પોલીસની હત્યા કરી દેવા પોતાના મિત્રને ઉશ્કેરવા બદલ આ કેસ તેની સામે કરવામાં આવ્યો હતો. પ્રિન્સિપલ જિલ્લા જજ ગીતા ગોપીએ ૨૨ વર્ષીય આક્રમક લીડર હાર્દિક પટેલની જામીન અરજીને ફગાવી દેવામાં આવી હતી. ઓબીસી કેટેગરી હેઠળ પટેલ સમુદાય માટે અનામતની માંગણીને લઈને આંદોલન ચલાવનાર હાર્દિક પટેલ ભારે વિવાદના ઘેરામાં રહ્યો છે. હાર્દિક સામે બે દેશદ્રોહની ફરિયાદ દાખલ કરાઈ હતી જે પૈકી એક સુરતમાં અને અન્ય એક અમદાવાદમાં દાખલ કરવામાં આવી છે. ૧૬મી નવેમ્બરના દિવસે લાજપોર જેલમાં રહેલા હાર્દિક પટેલે સેશન કોર્ટ સમક્ષ જામીન માટેની અરજી દાખલ કરી હતી અને એવો દાવો કર્યો હતો કે, ખોટા આરોપસર તેની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. માત્ર મૌખિક શબ્દો દેશદ્રોહ તરફ દોરી જતા નથી તેવી દલીલ કરવામાં આવી હતી. અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્ય સરકારે જાણી જોઈને તેના ઉપર ખોટા આક્ષેપો કર્યા છે. હાલમાં જ યોજાયેલી સ્થાનિક ચૂંટણી વેળા તેને આ પ્રક્રિયાથી દૂર રાખવાના હેતુસર તેના ઉપર આ આક્ષેપો મુકાયા હતા. સુરત પોલીસે દેશદ્રોહના આરોપસર ઓક્ટોબર મહિનામાં હાર્દિક પટેલની ધરપકડ કરી હતી. આત્મહત્યા કરવાના બદલે પોલીસ જવાનને મારી નાંખવા સાથી કાર્યકર વિપુલ દેસાઈને ઉશ્કેરવાનું કામ કર્યું હતું. મોડેથી અમદાવાદ ક્રાઈમ બ્રાંચે અલગ એફઆઈઆર મારફતે તેની સામે દેશદ્રોહના આક્ષેપો મુક્યા હતા.

પટેલ યુવાનોને ઉશ્કેરવાનું કામ કરવા બદલ ૨૧મી ઓક્ટોબરના દિવસે એફઆઈઆર દાખલ કરાઈ હતી. ૭મી ડિસેમ્બરના દિવસે દલીલો દરમિયાન સુરત પોલીસે જામીન અરજીનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, જો જામીન પર છુટશે તો તે પુરાવા સાથે ચેડા કરી શકે છે. તપાસ હજુ ચાલુ રહી છે. હાર્દિક જામીન ઉપર છુટી ગયા બાદ તપાસમાં સહકાર નહીં કરે તેવી શકયતા પણ રહેલી છે. અમદાવાદમાં બીજો કેસ પણ દાખલ કરાયો હતો.

## ક્રેડાઈ ગુજકોન કન્વેન્શન એન્ડ બિલ્ડીંગ મટિરિયલ એક્સ્પો ૨૦૧૫નો અમદાવાદમાં પ્રારંભ

ત્રીજા ક્રેડાઈ ગુજકોન કન્વેન્શન એન્ડ બિલ્ડિંગ મટિરિયલ એક્સ્પો ૨૦૧૫નો અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે શુક્રવારે પ્રારંભ થશે. ત્રણ દિવસ ચાલનારા આ સમારોહમાં સમગ્ર દેશમાંથી આ ઉદ્યોગના સૌથી પ્રભાવશાળી મહાનુભાવો એકત્રિત થશે અને કારોબારના અર્થપૂર્ણ સંપર્કોને પ્રોત્સાહન મળશે.

'ક્રેડાઈ ગુજકોન ૨૦૧૫ બિલ્ડિંગના બાંધકામની સામગ્રીના ઉત્પાદકો તથા સપ્લાયરો માટે તેમની પ્રોડક્સ અને ટેકનોલોજી પ્રદર્શિત કરવા માટે એક અનોખો મંચ બની રહેશે, ૮ હજાર બિલ્ડર્સ, આર્કિટેક્સ તથા એન્જિનિયરો તેમજ સેમિનારના ૧૨૦૦ પ્રતિનિધિઓ અને ૫૦ વક્તાઓની ઉપસ્થિતિ આ કાર્યક્રમને ભારતમાં પોતાના પ્રકારનો સૌથી મોટો કાર્યક્રમ બનાવશે. અમદાવાદમાં સૌ પ્રથમવાર આ કક્ષાનું આયોજન થઈ રહ્યું છે.' એવું ક્રેડાઈ ગુજરાતના પ્રમુખ શ્રી શરીફ મેમણે જણાવ્યું છે. ગુજરાતના મુખ્યપ્રધાન અને મુખ્ય અતિથિ શ્રીમતી આનંદીબહેન પટેલના ઉદ્‌ઘાટન સંબોધન સાથે ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૫થી આ ત્રણ દિવસ ચાલનારા કન્વેન્શન તથા એક્સ્પોનો પ્રારંભ થશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ